Government of Gujarat

# FEE REGULATORY COMMITTEE (TECHNICAL)

*Constituted under Section 9(1) of the Gujarat Professional Technical Educational Colleges or Institutions (Regulation of Admission and Fixation of Fees) Act, 2007 (Gujarat Act No. 2 of 2008)*

2nd Floor, Room No. 126, ACPC Building, L. D. College of Engineering Campus, Opp. Gujarat University, Navrangpura, Ahmedabad 380015.
**Phone:** 079-26302937 **Fax:** 079-26304118 **Email:** frctechguj@gmail.com **Website:** www.frctech.ac.in

તા. ૧૧-૦૧-૨૦૧૮

## પ્રેસ નોટ

રાજ્યમાં સ્વનિર્ભર ધોરણે વિવિધ ટેકનીકલ વ્યાવસાયિક અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓમાં પ્રવેશ વર્ષ ૨૦૧૭-૧૮, ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ નાં ત્રિવાર્ષિક ગાળા માટે ફી નિર્ધારણ કરવાની કાર્યવાહી અત્રેની સમિતિ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી. કુલ ૬૧૩ સંસ્થાઓ ની ફી નક્કી કરવા ની દરખાસ્ત સમિતિ ને મળેલ હતી.

| | |
|---|---|
| કુલ સંસ્થાઓ | ૬૧૩ |
| હયાત સંસ્થાઓ | ૫૭૪ |
| વર્ષ ૨૦૧૭-૧૮ માં નવી ચાલુ થયેલ સંસ્થાઓ / જુના પોગ્રામ ફરીથી કાર્યરત કરેલ હોય અથવા અન્ય | ૨૯ |
| વર્ષ ૨૦૧૭-૧૮ માં જે સંસ્થાઓ નો એડમીશન ઝોન માં મુકાયેલ હોય અને અન્ય સંસ્થાઓ | ૧૦ |

આ પૈકી, ૧૦ સંસ્થાઓ, વર્ષ ૨૦૧૭-૧૮ માટે "નો એડમીશન ઝોન" માં હોય તે સંસ્થાઓ ની ફી નક્કી કરાયેલ નથી.

તદુપરાંત ૨૯ નવી/પ્રોગ્રામ ફરીથી ચાલુ કરાયેલ કે અન્ય સંસ્થાઓ માટે ફક્ત વર્ષ ૨૦૧૭-૧૮ ની જ ફી નક્કી કરાયેલ છે.આવી સંસ્થાઓએ વર્ષ ૨૦૧૮-૧૯ અને ૨૦૧૯-૨૦ નાં ફી નક્કી કરાવવા માટે તા. ૦૧/૦૬/૨૦૧૮ સુધી માં સમિતિ ને ફરી થી ૨૦૧૭-૧૮ નાં હિસાબો સાથે દરખાસ્ત કરવા ની રહેશે.

બાકી રહેલ ૫૭૪ સંસ્થાઓ ની પોગ્રામ મુજબ ની સંખ્યા નીચે મુજબ ની છે.

| પોગ્રામ નું નામ | કુલ સંસ્થાઓ |
|---|---:|
| બેચલર ઓફ એન્જીનીયરીંગ / ટેકનોલોજી | ૧૧૩ |
| બેચલર ઓફ ફાર્મસી | ૬૫ |
| બેચલર ઓફ આર્કીટેક્ચર | ૨૮ |
| બેચલર ઓફ પ્લાનિંગ | ૫ |
| બેચલર ઓફ હોટલ એન્ડ ટુરીઝમ મેનેજમેન્ટ | ૩ |
| બેચલર ઓફ કન્સ્ટ્રકશન ટેકનોલોજી | ૧ |
| બેચલર ઓફ ઇન્ટીરીયર ડિઝાઈન- ૫ વર્ષ | ૧ |
| ડીપ્લોમાં ઇન એન્જીનીયરીંગ. | ૯૭ |
| ડીપ્લોમાં ઇન આર્કીટેક્ચર | ૧ |
| ઇન્ટીગ્રેટેડ ડીપ્લોમાં-ડીગ્રી | ૨ |
| માસ્ટર ઓફ એન્જીનીયરીંગ / ટેકનોલોજી | ૬૩ |
| માસ્ટર ઓફ ફાર્મસી | ૫૫ |
| માસ્ટર ઓફ બીઝનેસ મેનેજમેન્ટ | ૮૮ |
| માસ્ટર ઓફ કોમ્પ્યુટર એપ્લીકેશન | ૫૧ |
| માસ્ટર ઓફ પ્લાનિંગ | ૧ |
| કુલ સંસ્થાઓ ની સંખ્યા | ૫૭૪ |

ફી નિર્ધારણની કાર્યવાહી માટે સમિતિ દ્વારા વેબપોર્ટલ વિકસાવાયેલ ,જેના પર સ્વ-નિર્ભર સંસ્થાઓ ને જરૂરી ઓથોરાઈઝેશન અને એક્સેસ રાઈટ્સ થકી જરૂરી દસ્તાવેજો, ઓડીટેડ એકાઉન્ટ અને અન્ય જરૂરી પુરાવા સાથે ઓનલાઈન દરખાસ્ત કરવાની વ્યવસ્થા કરાયેલ હતી. સંસ્થા દ્વારા રજુ કરાયેલ ઓડીટેડ એકાઉન્ટ નું સમિતિ નાં CA નિષ્ણાતો દ્વારા , પૃથક્કરણ કરાયેલ હતું. ઉપરાંત સંસ્થાઓ નાં વ્યાજબી અને વાસ્તવિક ખર્ચ નો તાગ મેળવી અને સંસ્થાઓ ની માન્ય થયેલ સંખ્યા અને પ્રવેશ પામેલ વિદ્યાર્થીઓ ની સંખ્યા ને પણ ધ્યાને લેવા માં આવેલ હતી. ઘણાં કિસ્સાઓમાં વર્ષ ૨૦૧૭-૧૮ નાં ફી માળખા માં વધારાની માંગણી વાજબી માલૂમ પડેલ ન હતી. જ્યારે અમુક કિસ્સાઓમાં વર્ષ ૨૦૧૬-૧૭ નો ખર્ચ, તે વર્ષ માટે નિર્ધારિત કરવામાં આવેલ ફી માળખા કરતાં ઓછો માલૂમ પડેલ હતો.

સંસ્થાઓ એ આપેલ માહિતી નું સમિતિ નાં નિષ્ણાતો દ્વારા પૃથકરણ થાય તે દરમ્યાન, સમિતિ દ્વારા તા. ૦૫/૦૭/૨૦૧૭ નાં રોજ , પ્રવેશ સમયે વિદ્યાર્થીઓ અને વાલીઓ ને મુશ્કેલી ન પડે તે હેતુસર, પ્રોવીજનલ ફી ની જાહેરાત કરાયેલ હતી.

સંસ્થા ની સ્થળ અને જાતતપાસ માટે , નિયામકશ્રી, ટેકનીકલ શિક્ષણ, ગાંધીનગર નાં સહયોગ થી સ્વ-નિર્ભર સંસ્થાઓ માં સરકારી ટેકનીકલ કોલેજો નાં અધ્યાપકો ની નિષ્ણાંતો ની ટીમ નું ગઠન કરી સંસ્થા ની રૂબરૂ મુલાકાત કરાવી, સંસ્થા ખાતે ની માળખાગત સુવિધા અને સવલતો, અધ્યાપકગણ નો લાયકાત, સંખ્યા અને તેમનું રીસર્ચ અને ડેવલોપમેન્ટ ક્ષેત્ર માં અનુદાન, સપોર્ટ સ્ટાફ, સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓ, પ્રવેશ પ્રાથમિક્તા, વિદ્યાર્થીઓનું પરિમાણ અને પ્લેસમેન્ટ, ગર્વનન્સ વગેરેની હકીકત લક્ષી માહિતી એકત્રીત કરવામાં આવી હતી. જેમાં નીચે જણાવેલ પરિમાણો ને ધ્યાને લેવામાં આવેલ હતા.

| **Factor** |
|---|
| Building & Infrastructure. |
| Performance & Academic Excellence. |
| Accreditation. |
| Placement Records. |
| Staff Cadre, Qualification and Academic Contribution. |
| Financial Aid Program for students. |
| Students Performance |
| Compliance / Services |

નિષ્ણાંતો ની ટીમ દ્વારા સંસ્થા ખાતેથી જ આ પરિમાણો ની ગુણવતા ની વિગતો સમીતી નાં ઓનલાઈન વેબપોર્ટલ થકી અપલોડ કરવામાં આવેલ હતી અને અંતે ઓટોમોડમાં આંકડાકીય સ્કોરમાં તબદીલ કરવામાં આવેલ હતી.સમિતિ નાં અવલોકન મુજબ એક્સપર્ટ કમિટી નાં સ્કોર અને સંસ્થાઓ ની નાણાકીય વિશ્લેષણ વચ્ચે ગાઢ સબંધ જણાયેલ હતો.

સંસ્થા દ્વારા રજૂ કરવામાં આવેલ માહિતીનું ચોક્કસ પ્રક્રિયાને આધીન પૃથ્થકરણ હાથ ધરી, અંદાજીત ફી નાં માળખા ની વિગતો સંસ્થા ને જણાવવામાં આવેલ હતી અને તે બાબતે સંસ્થા ને કોઈ રજૂઆત હોય, તો તેવી સંસ્થાઓ ને રૂબરૂ સાંભળવા ની તક પણ અપાયેલ હતી.

અરજી કરેલ ૨૧૬ જેટલી સંસ્થાઓ ને રૂબરૂ સાંભળતા, તેમની રજૂઆતોનો મુખ્યત્વે સારાંશ નીચે મુજબ હતોઃ

- સંસ્થા નાં સ્ટાફની ભૂલને કારણે ખોટી ડેટા-એન્ટ્રી ને કારણે ફરીથી ડેટા રજૂ કરવા માટે,
- વર્ષ ૨૦૧૬-૧૭ નાં ઓડિટેડ એકાઉન્ટો સમયસર પૂર્ણ ન થવા,
- સંસ્થા ને બદલે ટ્રસ્ટ નાં એકાઉન્ટ રજુ કરવા, સંસ્થા વાઈઝ ઓડીટેડ એકાઉન્ટ ન હોવા,
- પ્રોવિઝનલ જાહેર કરાયેલ ફીમાં થયેલ ઘટાડા, વગેરે બાબતોની રજૂઆતો કરવામાં આવેલ હતી.
- જી.એસ.ટી નાં અમલ થી થયેલ ખર્ચ માં વધારો.

જો કે, મોટા ભાગની સંસ્થાઓએ ઓનલાઈન કાર્યવાહી દ્વારા ફી નિર્ધારણની પ્રક્રિયા માટે જરૂરી માહિતી એકત્રિત કરવાની કાર્યવાહી, પારદર્શક્તા અને ફી નિર્ધારણ માટે રજૂઆતો કરવાનો મોકો આપવા બદલ ફી નિર્ધારણ સમિતિનો આભાર પ્રદર્શિત કરેલ હતો.

આમ, સંસ્થાઓની રજૂઆતો અને ચર્ચા-વિચારણાને અંતે તેમજ વિઝીટ સ્કોર અને સંસ્થાઓ દ્વારા માળખાકીય સવલતો માટે થયેલ રોકાણોને ધ્યાને લેતાં સમિતિ દ્વારા પ્રત્યેક સંસ્થાની વર્ષ ૨૦૧૭-૧૮ થી ૨૦૧૯-૨૦ સુધી ની ફી નું નિર્ધારણ કરવામાં આવેલ હતું.

આમ, સમિતિ સમક્ષ આવેલ ૫૭૪ સંસ્થા ની ફી દરખાસ્ત ની સંક્ષીપ્ત માહિતી નીચે મુજબ ની છે.

- ૧૯ સંસ્થાઓ ની ફીમાં ઘટાડો કરેલ છે.
- ૪૩૪ સંસ્થાઓ ની ફી માં કોઈ વધારો કરાયેલ નથી.
- ૧૨૧ સંસ્થાઓ ફો વધારો કરાયેલ છે, જે પૈકી
  - ૩૧ સંસ્થાઓ ને માત્ર ૫% ની મર્યાદા માં ફી વધારો કરાયેલ છે.
  - ૪૧ સંસ્થાઓ ને ૫% થી ૧૦% ની મર્યાદા માં ફી વધારો કરાયેલ છે.
  - ૪૯ સંસ્થાઓ ને ૧૦% થી મહતમ ૧૫% મર્યાદા માં ફી વધારો કરાયેલ છે.

**આમ , ૫૭૪ પૈકી ની ફક્ત ૧૨૧ સંસ્થાઓ ને ફી માં મહતમ ૧૫% સુધી નો વધારો આપેલ છે. જે કુલ સંસ્થાઓ નાં ૨૧ % જેટલો થાય છે.**

આશરે ૨૬૦ જેટલી સંસ્થાઓ ની જાહેર કરાયેલ પ્રોવિઝનલ ફી કરતા આખરી ફી માં ઘટાડો થયેલ છે.

જ્યારે અમુક સંસ્થાઓએ ૨૦૦% સુધી ફી માં વધારો માંગેલ હતો.

વધુમાં, સમિતિએ સંસ્થાઓ માટે જે તે વર્ષની નિયત કરેલ ફી , જે તે વર્ષમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીને જ લાગુ પડશે અને વિદ્યાર્થી જ્યાં સુધી તેનો અભ્યાસ પૂર્ણ ન કરે ત્યાં સુધી નિર્ધારિત રહેશે. તદુપરાંત સમિતિ એ નિર્ધારિત કરાયેલ ફી માળખા માં ટ્યુશન ફી, લાયબ્રેરી ફી, લેબોરેટરી ફી, કોમ્પ્યુટર ફી, કોષન મની, જીમખાના ફી, ઈન્ટરનેટ, યુનીવર્સીટી એફીલેશન ફી, સ્પોર્ટ્સ અને રીક્રિયેશન સેલ્ફ અને પર્સનાલીટી ડેવલોપમેન્ટ ફી જેવી અન્ય ફી નો સમાવેશ થાય છે. સમિતિ દ્વારા નિર્ધારિત ફી ઉપરાંત ફકત જે-તે યુનીવર્સીટી ને ભરવા પાત્ર ફી સિવાય અન્ય કોઈપણ ફી કે ડીપોઝીટ સંસ્થા વિદ્યાર્થીઓ પાસે થી વસુલ કરી શકશે નહિ.

ઉપરાંત, સમિતિ નાં ધ્યાને આવેલ છે કે અમુક સંસ્થાઓ વિદ્યાર્થીઓ પાસેથી યેનકેન પ્રકારે, જુદા જુદા અન્ડરટેકિંગ લઈ ને સમિતિ દ્વારા નિયત કરાયેલ ફી ઉપરાંત વધારા ની ફી કે ડીપોઝીટ લેવાની આગ્રહ રાખે છે. ફી નિયમ સમિતિ દ્વારા નક્કી કરાયેલ ફી ઉપરાંત ની ફી કે ડીપોઝીટ લેવી તે કાયદા નો ભંગ છે અને આવી સંસ્થાઓ પર સમિતિ કાયદા ની જોગવાઈ મુજબ દંડનાત્મક કાર્યવાહી કરશે.

સંસ્થા મુજબ નિયત કરેલ ફી ની સંપૂર્ણ વિગતો કમિટિની વેબસાઇટ www.frctech.ac.in ઉપર ઉપલબ્ધ છે.